# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૫/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ૭૪માં સ્વતંત્રતા દિવસની ઉજવણી, વૃક્ષારોપણ અને જળસંચય શ્રૃંખલાની પણ શરૂઆત

સુરત. આજે ૭૪માં સ્વતંત્રતા દિવસના અવસર પર ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. ચેમ્બરના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ ઉપસ્થિત મેનેજિંગ કમિટીના સભ્યો તેમજ સ્ટાફ કર્મચારીઓને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી તેમજ કોરોના મહામારીમાં સેવાકીય પ્રવૃત્તિ કરનારા છાંયડાના સ્થાપક ભરત શાહ અને મારૂતી વીર જવાન ટ્રસ્ટના ટ્રસ્ટી નાનુભાઇ સાવલીયાનું સન્માન કર્યુ હતું.

દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, કોવિડ– ૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં માત્ર ઉદ્યોગ – ધંધા જ નહી પણ સમગ્ર દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પ્રયાસ કરવામાં આવી રહયો છે. કોવિડની મહામારીમાં ભારતના વિજ્ઞાનીઓ દિવસરાત એક કરીને કોરોનાની રસી શોધવા માટેની કામગીરી કરી રહયાં છે. આ મહામારીમાં જીવના જોખમે લોકોના આરોગ્યની રક્ષા કાજે ખડેપગે સેવા બજાવનાર મેડીકલ સ્ટાફ, પોલીસ કર્મચારીઓ અને સફાઇ કર્મચારીઓનો તેમણે આભાર વ્યકત કર્યો હતો. તેમણે વધુમાં કહયું કે, કોરોનાની મહામારીમાં જ બધાને પ્રાણવાયુ ઓકસીજનનું મહત્વ સમજાયું છે. આથી ચેમ્બર દ્વારા વૃક્ષારોપણ અને જળસંચય શ્રૃંખલાની શરૂઆત કરવામાં આવી છે.

સરસાણાના એકઝીબીશન સેન્ટરના પરિસરમાં તેમજ ત્યારબાદ પાંડેસરા જીઆઇડીસી ખાતે પાંડેસરા વિવર્સ કો–ઓપરેટીવ સોસાયટી તથા સચીન જીઆઇડીસી ખાતે સચીન ઇન્ડસ્ટ્રીયલ કો–ઓપરેટીવ સોસાયટીના ઉપક્રમે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના વિવિધ ઔદ્યોગિક વિસ્તારોમાં પણ સ્થાનિક એસોસીએશનની સાથે મળીને વૃક્ષારોપણ કરાશે. કતારગામના શિવમ જેમ્સમાં પણ દિનેશ નાવડિયાની અધ્યક્ષતામાં ધ્વજવંદન કરાયું હતું.

લોકડાઉન દરમિયાન ચેમ્બર દ્વારા શ્રમિકોના ભોજન અર્થે અનાજના કીટની કરેલી વ્યવસ્થા તેમજ છાંયડાને કરેલી મદદ માટે ભરત શાહે ચેમ્બરનો આભાર માની સર્વેને સ્વતંત્રતા દિવસની શુભેચ્છા પાઠવી હતી.